રજુ થયા તારીખ : ૮–૧૦–૨૦૨૨
દાખલ થયા તારીખ : ૮–૧૦–૨૦૨૨
ફેસલ થયા તારીખ : ૮–૧૦–૨૦૨૨
અવધિ : વર્ષ: માસ: દિવસ:

**GJSK140009662022**

---

વડાલીના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.વડાલી

---

ફોજદારી કેસ નં. ૮૪૭/૨૦૨૨
આક .૦૫

ફરીયાદી :– શ્રી ગુજરાત સરકાર.

વિરુધ્ધ.

આરોપી :– વનરાજભાઈ બધાભાઈ બુંબડીયા
ઉમર વર્ષ ૨૨
રહે. લીલાવંટા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા

**ગુનો :– જી.પી.એકટની કલમ ૧૨૨–સી મુજબ.**

**–: જ જ મે ન્ ટ :–**

(૧) આરોપી અંધારામાં રાત્રીના સમયે લુપાતો છુપાતો કોઈ કોગ્નીઝેબલ ગુનો કરવાનાં ઈરાદે શકમંદ હાલતમા સંતોષકારક જવાબ નહી આપી મળી આવતા પકડાઈ જઈ જી.પી.એ.કલક ૧૨૨–સી મુજબનો ગુનો કરેલ છે. બનાવ બાબતે પોલીસ સ્ટે.માં ફરીયાદ આપતાં આરોપીને અટક કરી કોર્ટ સમક્ષ રજુ કરેલ, ત્યારબાદ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપીને આજરોજ હાજર થતા આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ અંક–૦૩ થી ગુના કબુલાત પુરસીસ આપતાં આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી,સંભળાવી,સમજાવતાં આરોપી સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરવા માંગતા હોઈ આરોપીની અંક–૦૪ થી પ્લી લેતાં આરોપી કોઈ ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરતાં હોય તેમ જણાવે છે અને તેમનો આ પ્રથમ ગુનો હોઈ હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આરોપીનો પ્રથમ ગુનો હોઈ અને પોતે કુટુંબ કબીલાવાળા હોઈ અને ભ.પો.ની જવાબદારી તેના ઉપર રહેલ હોવાનું જણાવતાં હોઈ તે હકીકત તેમજ ગુના કબુલાતને ધ્યાને લઈ આરોપીને હળવી સજા કરવી વ્યાજબી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–: આખરી હુકમ :–</u>

આ કામના આરોપી વનરાજભાઈ બધાભાઈ બુંબડીયા, રહે. રહે. લીલાવંટા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠાને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ.૧૨૨–સી ના ગુનામાં તકસીરવાન ઠરાવી ઠપકો આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તા.૮ મી માહે ઓકટોબર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી ,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ વડાલી.
તા.૮/૧૦/૨૦૨૨ .

જયુડીશયલ મેજીસ્ટ્રેટ,ફ.ક
વડાલી.
જી જે ૦૧૪૫૨